# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-01-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## VGRS માં કચ્છમાં સૌથી વધુ રોકાણ

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ રાજકોટ ખાતે યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટની સફળતા અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે દિવસીય રીજનલ સમિટ દરમિયાન કચ્છ-સૌરાષ્ટ્રમાં રૂ. ૫ લાખ ૭૮ હજાર ૩૩૦ કરોડના સંભવિત રોકાણના લક્ષ્યાંક સાથે કુલ ૫ હજાર ૪૯૨ પ્રોજેક્ટસ માટે MoU સંપન્ન કરવામાં આવ્યા છે. આ સમિટ અંતર્ગત કરવામાં આવેલા MoU થકી રાજ્યભરમાં ૬ લાખ ૨૬ હજાર ૨૫૩ જેટલી રોજગારીની નવી તકો ઊભી થશે.

આ સમિટમાં કચ્છ જિલ્લો રોકાણ ક્ષેત્રે મોખરે રહ્યો છે. કચ્છમાં સૌથી વધુ રૂ. ૧ લાખ ૨૫ હજાર ૦૧૭ કરોડના રોકાણ માટે કુલ ૪૫૮ પ્રોજેક્ટ્સના MoU થયા છે, જેના માધ્યમથી કચ્છમાં ૪૮ હજાર ૪૧૯ નાગરીકોને રોજગારીની તક પ્રાપ્ત થશે.

આ સમગ્ર સમિટ દરમિયાન પાવર, ઓઈલ અને ગેસ ક્ષેત્રમાં સૌથી વધુ રૂ. ૪ લાખ ૫૫ હજાર ૦૬૫ કરોડના સંભવિત રોકાણ માટે MoU હસ્તાક્ષરિત કરવામાં આવ્યા હોવાનુ મંત્રીશ્રીએ જણાવ્યૂ હતું.

---------------------------------------------------------------------------------------------

## CISF દ્વારા લખપતથી સાયક્લોથન

સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ દ્વારા દરિયાકાંઠાની સુરક્ષા અને રાષ્ટ્રીય એકતાના ઉદ્દેશ્ય સાથે **'CISF** વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન**-2026'**ની બીજી આવૃત્તિનું આયોજન

કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય અભિયાનનો વર્ચ્યુઅલ પ્રારંભ 28 જાન્યુઆરી, 2026ના રોજ નવી દિલ્હીથી કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાય કરાવશે.

આ સાયક્લોથોન ભારતની મુખ્ય ભૂમિના સમગ્ર દરિયાકિનારાને આવરી લેતી 25 દિવસીય યાત્રા અંતર્ગત પશ્ચિમ કિનારાની ટીમ કચ્છના ઐતિહાસિક લખપત કિલ્લાથી પોતાની સફર શરૂ કરશે, જ્યારે પૂર્વ કિનારાની ટીમ પશ્ચિમ બંગાળના બખ્ખાલીથી પ્રસ્થાન કરશે. આ બંને ટીમો 22 ફેબ્રુઆરીએ કેરળના કોચી ખાતે એકત્રિત થશે.

“સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત” થીમ હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં 130 જવાનો ભાગ લેશે, જેમાં 65 મહિલા જવાનોનો પણ સમાવેશ થાય છે. આ અભિયાનનો મુખ્ય હેતુ દરિયાકાંઠાના સમુદાયોને ડ્રગ્સ અને હથિયારોની દાણચોરી જેવા જોખમો સામે જાગૃત કરવાનો છે. 6 હજાર 553 કિલોમીટરના આ રૂટ દરમિયાન સાયકલિસ્ટો ગુજરાતના સુરત સહિત મુંબઈ, ગોવા અને ચેન્નાઈ જેવા મુખ્ય શહેરોમાંથી પસાર થશે. આ ઉપરાંત, જવાનો દરિયાકાંઠાના 50 થી વધુ ગામોમાં રાત્રિ રોકાણ કરી સ્થાનિક માછીમારો અને યુવાનો સાથે સંવાદ કરશે

---

## બાલિકા પંચાયત દ્વારા રજૂઆત

જિલ્લાની બાલિકા પંચાયતના સરપંચો દ્વારા 26મી જાન્યુઆરીના ધ્વજવંદન કરવા અંગે જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત કરાઇ હતી. કચ્છમાં મહિલાઓ શાસન વ્યવસ્થામાં સશક્ત થાય તે હેતુથી ચાર વર્ષ પહેલાં બાલિકા પંચાયત નવા વિચાર સાથે મોટા અંગિયા, મસ્કા, કુકમા અને કુનરિયામાં રચના કરાઇ હતી અને ગામ વિકાસમાં શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ મહિલા ઉત્થાન જેવા કાર્યોમાં યોગદાન આપી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં તેજસ્વિની વિધાનસભાનું સત્ર સંચાલન સંભાળ્યું છે. વધુ દીકરીઓને પ્રેરણા મળે અને અનેક દીકરીઓ આગળ વધે તે હેતુથી બાલિકા સરપંચના હાથે ધ્વજવંદન કરવામાં આવે તેવી માંગ સાથે મોટા અંગિયાના બાલિકા પંચાયતના સરપંચે કલેકટર સમક્ષ રજૂઆત કરી હતી.

---

## ડેન્માર્કના પ્રતિનિધિઓ ડીપીએની મુલાકાત

કેન્દ્ર સરકાર દ્વારા દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાને ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે વિકસાવવાની પહેલ અંતર્ગત તાજેતરમાં ડેન્માર્કના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી. મેરીટાઈમ કાઉન્સેલર જોસેફાઈન પેલેશનના નેતૃત્વમાં આવેલા આ મંડળે DPA ચેરમેન સુશીલકુમાર સિંહ સાથે શૂન્ય કાર્બન ઉત્સર્જન, ગ્રીન ટેકનોલોજી અને ટકાઉ બંદર વિકાસ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

ડેનિશ પ્રતિનિધિઓએ કંડલા સ્થિત ૧ મેગાવોટના ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટની મુલાકાત લઈ પોર્ટની માળખાકીય સુવિધાઓની પ્રશંસા કરી હતી. આ મુલાકાત દરમિયાન વિદેશી મહેમાનોએ પોર્ટ અધિકારીઓ સાથે મકરસંક્રાંતિની ઉજવણીમાં જોડાઈને પતંગબાજીનો આનંદ પણ માણ્યો હતો.

---------------------------------------------------------------------------------------

## કચ્છમાં ભૂકંપ

ગુજરાતમાં કચ્છમાં આજે ફરી ભૂકંપના સામાન્ય આંચકાઓ અનુભવાયા હતા. સવારે પાંચ વાગ્યેને 47 મિનિટે આવેલા ભૂકંપનું કેન્દ્ર બિન્દુ રાપરના ખેંગારપર નજીક નોંધાયું હતું. જ્યારે રેક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા બે પૂર્ણાંક પાંચની માપવામાં આવી હતી. જ્યારે બપોરે 1 વાગ્યેને 50 મિનિટે ભચાઉથી 21 કિલોમીટર દૂર 2 પૂર્ણાંક સાતની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

---------------------------------------------------------------------------------------

## હવામાન

ઉત્તરાયણ પર્વની પૂર્ણાહુતિ સાથે જ કચ્છવાસીઓને ઠંડીના પ્રકોપમાંથી આંશિક રાહત મળી છે. આજે જિલ્લાના લઘુત્તમ તાપમાનમાં વધારો થતા લોકોએ હાસકારો અનુભવ્યો છે. જોકે નલિયા હજુ પણ 9.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ મથક રહ્યું છે. જિલ્લા મથક ભુજમાં લઘુત્તમ તાપમાન 12.4 ડિગ્રી અને કંડલામાં 12.2 ડિગ્રી તાપમાન નોંધાયું

**છે. સમગ્ર જિલ્લામાં મોડી સાંજથી વહેલી સવાર સુધી તીવ્ર ઠંડી વર્તાય છે પરંતુ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 28થી 29 ડિગ્રી આસપાસ રહ્યા વાતાવરણ હુંફાળુ બની જાય છે.**

**-------------------------------------------------------------------------------------------**